ગાંધીનગર સમાચાર

સેકટરોના ઉજ્જડ બગીચાની જાળવણીમાં ઠાગાઠય્યા

# શહેરમાં વાદળિયું વાતાવરણ છવાયુ

## મોડીસાંજે વરસાદના છાંટા : તાપમાન ઘટ્યું : વરસાદી વાતાવરણ બનતું જાય છે

ગાંધીનગર, તા.૧૩

વરસાદના આગમન પહેલા શહેરમાં વાદળિયુ વાતાવરણ છવાયું છે. જેના પરિણામે તાપમાનમાં ઘટાડો થયો છે. મોડી સાંજે શહેરના કેટલાક વિસ્તારોમાં છાંટા પડયા હતા.

દેશમાં ચોમાસાનો પ્રવેશ થઈ ચુકયો છે. ધીમે ધીમે ચોમાસુ આગળ વધી રહ્યું છે. જો કે હજુ ગુજરાતમાં વિધિવત ચોમાસુ બેસવાને થોડીકવાર છે. તે પહેલા ધીમે ધીમે ચોમાસુ વાતાવરણ જામતું જાય છે. છેલ્લા બે ત્રણ દિવસથી આકાશમાં વાદળો છવાતા વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ગઈ કાલે સાંજથી ખુબ જ બફારો અનુભવાતો હતો. જેથી નગરજનો હેરાન પરેશાન થઈ ગયા હતા. આજે સવારથી જ આકાશમાં વાદળોની અવરજવર રહી હતી. વાદળોની સતત અવરજવર રહેતા તાપમાન નીચું આવ્યું હતું. મોડી સાંજે વાદળોની અવરજવર વધતા એવું લાગતું હતું કે હમણાં વરસાદ પડશે. શહેરના કેટલાક વિસ્તારોમાં છાંટા પણ પડયા હતા. વરસાદી વાતાવરણ બંધાતા નગરજનો ખુશખુશાલ થઈ ગયા હતા. છેલ્લા ઘણા દિવસોથી આકરી ગરમીમાં શેકાતા નગરજનો હવે વરસાદી વાતાવરણને માણવા ખુબ ઉત્સુક બન્યા છે.



# જિલ્લામાં નબળુ પરિણામ ધરાવતી શાળાઓના શિક્ષકોની ટેસ્ટ લેવાશે

## વધારાના વર્ગો શરૂ કરાશે : ડીઈઓ કચેરી દ્વારા મોનિટરીંગ થશે : ગત વર્ષ દરમિયાન નબળુ પરિણામ ધરાવતી શાળાઓ પૈકી એક જ રીપીટ થઈ

ગાંધીનગર તા ૧૩

ધોરણ -૧૦ માં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓમાં ટુંકમાં જ વધારાના વર્ગો શરૂ કરવામાં આવશે. જયારે નબળુ પરિણામ ધરાવતી શાળાના વિષય શિક્ષકોની ડી ઈ ઓ કચેરી દ્વારા ટેસ્ટ લેવામાં આવશે. ગત વર્ષ દરમિયાન નબળુ પરિણામ ધરાવતી શાળાઓ પૈકી માત્ર એક જ શાળાનુ પરિણામ ઓછુ આવ્યુ છે.

બોર્ડની પરિક્ષા દરમિયાન શહેરની સરકારી શાળાઓમાં પરિણામની ટકાવારી વધે ત માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહયા છે. છેલ્લા કેટલાક વર્ષોથી જિલ્લાની સરકારી તેમજ ગ્રાન્ટેડ ઈન શાળાઓમાં પરિણામ નબળુ આવતુ હોવાનુ પ્રકાશમાં આવતા શિક્ષણ તંત્રમાં પણ ચિંતા પ્રવર્તી છે. સરકારી શાળાઓમાં પરિણામની ટકાવારી ઘટતા વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ પુરુ પાડવા માટે પણ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જયારે પરિણામની ટકાવારીનો ગ્રાફ સુધારવા પણ શાળાના આચાર્યો તેમજ વિષય શિક્ષકોને વિશેષ જવાબદારી સોંપવામાં આવે છે. ગત વર્ષ દરમિયાન પણ બોર્ડમાં નબળુ પરિણામ ધરાવતી શાળાઓના શિક્ષકોની ટેસ્ટ લેવામાં આવી હતી. જયારે વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે વધારાના વર્ગો પણ શરૂ કરવામાં આવ્યા હતા. ગત માર્ચ ૨૦૧૬માં લેવાયેલી ધોરણ ૧૦ ની પરિક્ષાના અંતે પણ જિલ્લાની ૨૦ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી પણ ઓછુ હોવાનુ પ્રકાશમાં આવ્યુ છે. જેને અનુલક્ષી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આવી શાળાના આચાર્યોની બેઠક યોજવામાં આવી હતી. આ દરમિયાન પરિણામ સુધારવા માટેના આયોજન અંગે પણ પૃચ્છા કરવામાં આવી હતી. વધુમાં આ શાળાઓમાં વધારાના શૈક્ષણિક વર્ગો શરૂ કરવા પણ આયોજન કરવામાં આવ્યુ હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જેનુ મોનિટરીંગ પણ જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી દ્વારા કરવામાં આવશે. આગામી દિવસોમાં આ શાળાઓના વિષય શિક્ષકોની ટેસ્ટ પણ લેવાશે.

# જિલ્લા પંચાયતની ૩૦મીએ સામાન્ય સભા

## મનરેગાનુ લેબર બજેટ, પંચાયતમાં પદાધિકારીઓ અને અધિકારીઓ માટે એ.સી. મશીન, વિસ્તાર વિકાસની ગ્રાન્ટમાં વધારો સુચવતી દરખાસ્તો પણ આ બેઠકમાં રજુ કરવામાં આવશે : ભાજપ કોંગ્રેસને ભીડવવા તૈયાર

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા આગામી ૩૦મી જુનના રોજ સવારે ૧૧ વાગે સરદાર પટેલ હોલમાં મળશે.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રામાજી ઠાકોરના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં પંચાયતની રચના પછી પ્રથમવાર પ્રશ્નોત્તરીથી સભાની કામગીરીનો આરંભ થશે.

પંચાયતની આ સભામાં પંચાયતની વિવિધ સમિતિઓની કાર્યવાહી નોંધને બહાલ રાખવા ઉપરાંત માર્ગ-મકાન વિભાગને લગતી કામગીરીનું ભારણ વધુ છે. આ બેઠકમાં મનરેગાનું લેબર બજેટ જે પ્રતિસેધ થઈ પરત આવતાં પુનઃ રજુ કરવામાં આવશે. ત્રણ મહિનાનો વિલંબ આ બજેટ મંજુર કરવામાં થતાં એક નવો રાજકીય વિવાદ ઉભો થવા પામ્યો છે.

આ બેઠકમાં પંચાયતના સભ્યોને વિસ્તાર વિકાસની ગ્રાન્ટમાં જે કાપ મુકાયો હતો તેને પુનઃ વધારીને રૂ. દસ લાખ કરવાની જોગવાઈ કરતો પ્રસ્તાવ પણ રજુ કરી મંજૂર કરવામાં આવશે. આ ઉપરાંત શ્રેષ્ઠ જિલ્લા પંચાયત તરીકેનો એવોર્ડ લેવા ગયેલ પદાધિકારીઓના પ્રવાસ ખર્ચ

● અનુસંધાન પાન-૭ પર

# હજુ મનમેળ ના જ થયો

## પક્ષાંતર ધારા ભંગની કાર્યવાહી માટે કરાયેલી અરજી પરની સુનાવણી સંપન્ન : ત્રણ સભ્યોના ભાવિ સામે પ્રશ્નાર્થ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસી સભ્યો વચ્ચે મનમેળ કરાવવાના પ્રયાસો વચ્ચે બાંધકામ સમિતિમાં બળવો કરનારા ત્રણ સભ્યો સામે પક્ષાંતરધારા ભંગની કાર્યવાહી કરવા માટેની અરજી પરની સુનાવણી સંપન્ન થતાં કોંગ્રેસના આગેવાનોના મન કડવા થયેલા જણાતા હતા.

મનમેળ માટેના પ્રદેશ નેતાગીરીના આદેશો પછી આજે આ અરજી પાછી ખેંચાશે તેવુ લાગતુ હતુ પરંતુ સમાધાન ન થતાં તેની સુનાવણી સંપન્ન થઈ છે. હવે એકાદ-બે દિવસમાં આ અંગેનો ચુકાદો આવશે તેમ મનાઈ રહ્યું છે. ગાંધીનગર જિલ્લા પંચાયતની સમિતિઓની રચના પછી થયેલા વિવાદો હજુ થંભવાનું નામ લેતા નથી. પ્રદેશ પ્રમુખ શ્રી અને નિરીક્ષકોની દરમ્યાનગીરી પણ એળે ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરી વિસ્તારમાં પ્રવેશોત્સવ દરમ્યાન કન્યાઓ કુમાર કરતાં વધુ પ્રવેશ મેળવશે

## ૨૨ રૂટ અને ૭૭ શાળાઓને પ્રવેશોત્સવમાં આવરી લેવાશે : ૧૬૫ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરની પ્રાથમિક શાળાઓમાં આ વખતે પ્રવેશોત્સવ દરમ્યાન કુમાર કરાતાં ૧૬ કન્યા વધુ પ્રવેશ મેળવશે. ૧૫ થી ૧૭ જૂન દરમ્યાન શહેરી વિસ્તારની પ્રા. શાળાઓમાં યોજાનાર પ્રવેશોત્સવની તૈયારીઓ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ચાર શહેરી વિસ્તારો માટે ૧૩ રૂટ નિયત કરવામાં આવ્યા છે જયારે ગાંધીનગર શહેરમાં પ્રવેશોત્સવ માટે ૯ રૂટ નિયત કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા સર્વે દરમ્યાન ૧૦૧૪ જણાઈ છે. જેમાં ૪૯૯ કુમાર અને ૫૧૫ કન્યાઓનો સમાવેશ થાય છે. જ્યારે જિલ્લાના અન્ય ચાર શહેરી વિસ્તારોમાં ૪૯૨ કુમાર અને ૪૯૧ કન્યા મળી ૯૮૩ બાળકો સર્વે દરમ્યાન જણાઈ આવેલ છે. ચાર શહેરી વિસ્તારોમાં ૪૪ પ્રાથમિક શાળાઓ અને ગાંધીનગર શહેરમાં ૩૩ પ્રા. શાળાઓ આવેલી છે.

રાજય સરકારે શહેરી વિસ્તારમાં યોજાનાર આ પ્રવેશોત્સવ માટે જિલ્લામાં ત્રણ પદાધિકારીઓ તેમજ ૮ ઉચ્ચ અધિકારીઓની ફાળવણી કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# એસ ટી ડેપોમાં ધુમ્રપાન કરીને ગંદકી કરતા ૧૨ કિસ્સામાં દંડ વસુલાયો

## સ્ટાફના ૩ કર્મચારીઓ તેમજ અન્ય ૯ મુસાફરો પાસેથી દંડ વસુલી : ડેપોમાં ગમે ત્યાં પાનની પિચકારી મારતા મુસાફરો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની વાત હવા થઈ ગઈ છે. ત્યારે ડેપો સંકુલમાં ઠેર ઠેર ગંદકી જોવા મળી રહી છે. આવા સંજોગોમાં ડેપો સંકુલમાં પાન ગુટખા ખાઈને ગંદકી કરતા સ્ટાફના માણસો તેમજ મુસાફરા સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગત મહીના દરમિયાન ડેપો દ્વારા આ માટે ૧૨ કિસ્સામાં દંડ વસુલી કરવામાં આવી છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં સફાઈના નામે આમ પણ મીડું છે. ડેપો સંકુલને મોડેલ બનાવાની વાતો વચ્ચે નિયમિત સફાઈ પણ થતી નથી. જેના લીધે સંકુલમાં નજર નાંખો ત્યાં કચરાના ઢગ જોવા મળી રહયા છે. જયારે ડેપોમાં બસ સ્ટેન્ડ પાસેની દિવાલો પણ પાનની પિચકારીથી રંગાયેલી જોવા મળે છે. આવા સંજોગોમાં અગાઉ ડેપોમાં પાન મસાલા ખાઈ થુંકતા અને જાહેરમાં ધુમ્રપાન કરતા એસ ટી ડેપોના સ્ટાફના સભ્યો તેમજ મુસાફરો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જો કે આ વ્યવસ્થા લાંબા સમય સુધી ન ટકતા ડેપોમાં આવતા મુસાફરો જાહેરમાં બિનદાસ્ત રીતે પાનની પિચકારી મારતા નજરે પડતા હતા. બીજીતરફ છેલ્લા એક મહીનાથી ડેપોમાં ગુટખા ખાઈને ગંદકી કરતા મુસાફરો સામે દંડનીય પગલા લેવાનુ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. આ માટે ડેપો સંકુલ દ્વારા સફાઈ કામદાર તેમજ ટ્રાફિક ઈન્સપેકટર સહીત ત્રણને જવાબદારી સોંપવામાં આવી છે. જેના અંતે ગત મહીના દરમિયાન ૧૨ કીસ્સામાં દંડ વસુલી કરવામાં આવી છે. જેમા ડેપો સ્ટાફના ૩ કીસ્સામાં ધુમ્રપાન બદલ દંડ વસુલવામાં આવ્યો છે. જયારે અન્ય ૯ કિસ્સામાં મુસાફરો પણ દંડાયા છે. ડેપો સંકુલમાં નજર નાંખો ત્યાં પાનની પિચકારીની રંગોળી જોવા મળે છે.મુસાફરો બિન્દાસ્ત રીતે ગંદકી કરતા ડેપો તંત્ર દ્વારા ફરિએકવાર દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



વરસાદી માહોલ - ગાંધીનગર જિલ્લાના ચિલોડા ચોકડી પર સાંજે ઝરમર ઝરમર વરસાદના આગમનથી સમગ્ર વિસ્તારમાં હાશકારો ઘડીક માટે અનુભવાયો હતો... પરંતુ વરસાદ લઈને છવાયેલા વાદળો આંખના પલકારામાં સરકી ગયા ને હાથતાળી આપી વરસાદ છુમંતર થઈ ગયો... હજુ એકાદ-બે દિવસમાં વરસાદના એંધાણ વર્તાય છે... ભલે પ્રિમોન્સુન તો પ્રિમોન્સુન ઝાપટા થોડાક સમય માટે પણ ઉકળાટમાંથી રાહત આપશે એવી આશા સૌના મનમાં ઘુમરાય છે...

# ગુણોત્સવમાં શહેરની ૨૩ પ્રા. શાળા બી ગ્રેડમાં

## પાંચ શાળાને સી ગ્રેડ તો પાંચ શાળાને એ ગ્રેડ

ગાંધીનગર, તા. ૧૩

ગુણોત્સવ-૬ના તાજેતરમાં જાહેર થયેલા પરિણામમાં ગાંધીનગર શહેરની ૨૩ શાળાઓ બી ગ્રેડમાં આવી છે તો પાંચ શાળાઓ સી ગ્રેડમાં આવી છે. માત્ર પાંચ પ્રા. શાળા જ એ ગ્રેડ પ્રાપ્ત કરી ચુકી છે.

ગુણવત્તાસભર શિક્ષણ માટેના આયોજનો તૈયાર કરનાર પાટનગરની પ્રા. શાળાઓમાં જ ગુણવત્તાનો અભાવ જોવા મળતાં વાલીઓ અને શિક્ષણપ્રેમીઓ ચોંકી ઉઠયા છે.

ગાંધીનગર શહેરની ૩૩ પ્રા. શાળાઓમાંથી પાંચ શાળા સી ગ્રેડમાં આવી છે તો પાંચ શાળા એ ગ્રેડમાં આવી છે અને ૨૩ શાળા બી ગ્રેડની છે. અર્થાત ગાંધીનગર શહેરની પ્રા. શાળાઓમાં પણ વાંચન-લેખન-ગણન પર જે ભાર મુકાવવો જોઈએ તેમાં જ કચાશ હોવાનું સ્પષ્ટ થયું છે. એક તરફ શહેરી વિસ્તારમાં સારૂ શિક્ષણ અપાતી હોવાની વાતો કેટલી પોકળ છે અને બાળકને કેવુ ગોખણિયુ બનાવી રહ્યા છે તેનો આ પુરાવો છે.

જો કે શિક્ષણ તંત્રના અધિકારીઓ કહે છે કે ગત વર્ષ કરતાં પરિણામમાં સુધારો થયો છે. આ વખતે એક પણ શાળા ડી ગ્રેડમાં આવી નથી તેમજ સીમાંથી બી ગ્રેડમાં જનાર શાળાઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.

# સેકટરોના ઉજ્જડ બગીચાની જાળવણીમાં ઠાગાઠય્યા

## સેકટરોના બગીચાની જાળવણી મામલે શહેર વસાહત મહામંડળની રજુઆત

ગાંધીનગર તા ૧૩

શહેરના સેકટરોમાં બગીચાઓ ઉજ્જડ બન્યા છે. બગીચાઓમાં મુકવામાં આવેલી સોલાર લાઈટ પણ ડુલ રહેતા રાત્રિના સમયમાં અંધારુ છવાઈ જાય છે.બગીચાઓ જાળવણીના અભાવે આકર્ષણ વિહોણાં જોવા મળી રહયા છે. સેકટરોના રંગમંચની હાલત પણ બગીચાઓ જેવી જ છે. ત્યારે એક જમાનામાં સેકટરની આગવી ઓળખ સમા બગીચાઓની જાળવણી માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર અસ્તિત્વમાં આવ્યુ ત્યારે સેકટરોમાં બગીચાઓ બનાવવા ઠરાવ કરવામાં આવ્યો હતો. સમય જતા વધતી વસતી અને વિકાસની સાથે સેકટરના બગીચાઓમાં પણ રોનક નિખરી હતી. સેકટરના બગીચા આગવી ઓળખસમા બની ગયા હતા. સાંજ ઢળતા જ સેકટરવાસીઓ અને તેમના પરિવારજનો બાળકો સાથે હળવાશની પળો માણવા માટે બગીચા તરફ ડગ ભરતા નજરે પડતા હતા. પરંતુ જાળવણીના અભાવ વચ્ચે નગરના ઉદ્યાનો હાલ મરણપથારીએ પડયા છે.

● અનુસંધાન પાન-૭ પર












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com